# સરકારે 1.27 લાખ કરોડની 'સેમિકોન 2.0' યોજનાની અધિસૂચના જાહેર કરી

**સેમિકન્ડક્ટર** ઈકોસિસ્ટમ અને સ્વદેશી ડિઝાઈનને મળશે વેગ; નવા પ્લાન્ટ્સ માટે સરકારી સબસિડી અને નિયમો જાહેર

**વૈશ્વિક** સ્તરે AIના કારણે એડવાન્સ ચિપ્સની માગ ખૂબ વધી રહી છે તેને જોતા સરકારનું મહત્વકાંક્ષી પગલું

**સિલિકોન** વેફર ફેબ્સ માટે ઓછામાં ઓછું 20,000 કરોડ, કમ્પાઉન્ડ સેમિકન્ડક્ટર ફેબ્સ માટે 500 કરોડનું રોકાણ, OLED/LCD ડિસ્પ્લે ફેબ્સ માટે 10,000 કરોડ અને માઇક્રો LED માટે 1500 કરોડ રૂપિયાના રોકાણના માપદંડ નક્કી કરાયા

નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ): કેન્દ્ર સરકારે સોમવારે 'સેમિકોન 2.0' યોજનાની અધિસૂચના બહાર પાડી છે. દેશમાં ચિપ ઉત્પાદનથી લઈને સ્વદેશી ડિઝાઈન, સાધનસામગ્રી, એડવાન્સ્ડ પેકેજિંગ, રિસર્ચ અને ટેલેન્ટ ડેવલપમેન્ટ સુધીના આખા સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમને મજબૂત કરવાના હેતુથી રૂ. 1,27,500 કરોડનું આ ભંડોળ જાહેર કરવામાં આવ્યું છે.

વૈશ્વિક સ્તરે એઆઈ (AI) ક્રાંતિના કારણે એડવાન્સ ચિપ્સની માગ ખૂબ વધી રહી છે અને સપ્લાય ચેઈન અંગેની ચિંતાઓને ધ્યાનમાં રાખીને ભારતે આ મહત્વકાંક્ષી કદમ ઉઠાવ્યું છે.

કેન્દ્રીય કેબિનેટે 15 જુલાઈ 2026ના રોજ સેમિકોન 2.0 યોજનાને મંજૂરી આપી હતી, જ્યારે સોમવારે બહાર પડાયેલી અધિસૂચનામાં આ યોજના હેઠળ નાણાકીય પ્રોત્સાહનો અને વિવિધ શ્રેણીઓ માટેની પાત્રતાના નિયમો સ્પષ્ટ કરવામાં આવ્યા છે. આઈટી સચિવ એસ. કૃષ્ણને જણાવ્યું હતું કે આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતને આ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવાનો અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ઉદ્યોગ ઊભો કરવાનો છે. આવનારા વર્ષોમાં વૈશ્વિક સેમિકન્ડક્ટર ઉદ્યોગનું આશરે 10 ટકા બજાર ભારતમાં રહેવાની ધારણા છે, તેમ આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું.

### સેમિકોન 2 હેઠળ રોકાણના માપદંડ અને સરકારી સહાયની વિગતો

યોજના હેઠળ સિલિકોન વેફર ફેબ્સ માટે ઓછામાં ઓછું 20,000 કરોડ રૂપિયાનું રોકાણ અને અરજી પહેલાંના ત્રણ નાણાકીય વર્ષોમાંથી કોઈ એકમાં 7500 કરોડ રૂપિયાનું ટર્નઓવર હોવું જરૂરી છે. આવા ફેબ્સ માટે કેન્દ્રીય સહાય અગાઉના 50 ટકાથી ઘટાડીને 40 ટકા કરાઈ છે, કારણ કે હવે રાજ્ય સરકારો પણ કેન્દ્રના સમકક્ષ સહાય આપી રહી છે, જેથી કુલ મદદ આશરે 60 ટકા થઈ જાય છે. સ્ટ્રેટેજિક અને રાષ્ટ્રીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે જરૂરી ચિપ્સની ઓળખ પ્રિન્સિપલ સાયન્ટિફિક એડવાઈઝર (PSA) અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA)ની અધ્યક્ષતાવાળી ઉચ્ચ સ્તરીય સમિતિ કરશે. પ્રોડક્ટ ડિઝાઇન-લિંક્ડ ઇન્સેન્ટિવ હેઠળ સ્ટાર્ટઅપ્સ અને MSMEને 15 કરોડ રૂપિયા સુધીની સીડ ફંડિંગ અથવા પ્રોજેક્ટ ખર્ચના 50 ટકા સુધી સહાય મળશે. ડિપ્લોયમેન્ટ-લિંક્ડ ઇન્સેન્ટિવ હેઠળ નવી ચિપ્સ અને SoC પર 5 વર્ષ માટે ચોખ્ખા વેચાણ પર 9 ટકા રિઇમ્બર્સમેન્ટ મળશે, જે કંપની દીઠ વધુમાં વધુ 120 કરોડ રૂપિયા રહેશે. કમ્પાઉન્ડ સેમિકન્ડક્ટર ફેબ્સ માટે ઓછામાં ઓછું 500 કરોડનું રોકાણ, OLED/LCD ડિસ્પ્લે ફેબ્સ માટે 10,000 કરોડ અને માઇક્રો LED માટે 1500 કરોડ રૂપિયાના રોકાણના માપદંડ નક્કી કરાયા છે. સાધનસામગ્રી અને કાચા માલના ઉત્પાદન માટે 30 ટકા મૂડી સહાય અને 2થી 10 ટકા સુધીનું પ્રોડક્શન-લિંક્ડ ઇન્સેન્ટિવ (PLI) મળશે. આ ઉપરાંત, રિસર્ચ અને ટેલેન્ટ ડેવલપમેન્ટ માટે પ્રોજેક્ટ ખર્ચના 75 ટકા સુધીની સહાય આપવામાં આવશે.

આ યોજના હેઠળ કોમર્શિયલ ચિપ ડિઝાઈન ક્ષેત્રે ભારતીય સ્ટાર્ટઅપ્સ અને નાગરિકો કે OCI માલિકી ધરાવતી કંપનીઓ જ પાત્ર ગણાશે. સ્ટાર્ટઅપ્સને ગ્રાન્ટ અને ઈક્વિટી કો-ઈન્વેસ્ટમેન્ટ તેમજ કંપનીઓને રોયલ્ટી ફાઈનાન્સિંગ દ્વારા નાણાકીય મદદ મળશે. આ ઉપરાંત, નવા ફેબ્સ (સિલિકોન ઉત્પાદન પ્લાન્ટ) સ્થાપવા માટે 40 ટકા અને કમ્પાઉન્ડ, ડિસ્પ્લે કે સ્પેશિયલાઈઝ્ડ ફેબ્સ માટે 35 ટકા નાણાકીય સહાય અપાશે. સેમિકન્ડક્ટર પેકેજિંગ અને ટેસ્ટિંગ (ATMP/OSAT) માટે મૂડી ખર્ચના 25થી 35 ટકા સુધીનું પ્રોત્સાહન અપાશે. અગાઉ પ્રથમ તબક્કામાં મંજૂર કરાયેલા 12 પ્રોજેક્ટ્સમાંથી માઈક્રોનના એટીએમપી, કાયન્સના સેમિકોન અને CG સેમીના ઓએસએટી ઉત્પાદન પ્લાન્ટ ચાલુ પણ થઈ ગયા છે.

## પેજ 3

### સુનીતાએ કૃષ્ણા-આરતી સાથે ઉજવી રક્ષાબંધન, ગોવિંદાની ગેરહાજરી



મુંબઈ, તા. 31: ગોવિંદા અને સુનીતા આહુજાના લગ્નજીવનમાં ચાલી રહેલા મતભેદો વચ્ચે રક્ષાબંધનના તહેવારે પરિવારનું ગેટ-ટુગેધર જોવા મળ્યું હતું. સુનીતા આહુજાએ દીકરી ટીના અને પુત્ર યશવર્ધન સાથે રાખડીની ઉજવણી કરી હતી. આ પ્રસંગે ગોવિંદાનો ભાણેજ કૃષ્ણા અભિષેક અને તેની બહેન આરતી સિંહ પણ પરિવાર સાથે જોડાયાં હતાં. ટીનાએ સોશિયલ મીડિયા પર ઉજવણીની તસવીરો શેર કરી હતી, જેમાં સુનીતા, કૃષ્ણા, યશવર્ધન અને તે કેમેરા સામે પોઝ આપતાં જોવા મળ્યાં હતા. જોકે, પરિવારની આ ઉજવણીમાં ગોવિંદા ગેરહાજર રહ્યો હતો. સુનીતા અને ગોવિંદાના સંબંધોમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા મતભેદો વચ્ચે તેની ગેરહાજરીએ ફરી ચર્ચા જગાવી છે. અગાઉ બંનેએ જાહેરમાં એકબીજા અંગે નિવેદનો કર્યા બાદ પરિવારના અન્ય સભ્યો પણ આ મામલે સવાલોના ઘેરામાં આવ્યા હતા.

### બ્રેન સ્ટ્રોક બાદ બદલાઈ ગયું રાહુલ રોયનું જીવન, સ્મોકિંગ છોડ્યું, વેગન બન્યો



મુંબઈ, તા. 31: 'આશિકી' ફેમ અભિનેતા રાહુલ રોયે 2020માં આવેલા બ્રેન સ્ટ્રોક બાદ પોતાના જીવનમાં અનેક મોટા ફેરફાર કર્યા છે. તાજેતરના ઇન્ટરવ્યૂમાં તેણે જણાવ્યું કે સ્ટ્રોક બાદ આજે પણ તેને બોલવામાં તકલીફ પડે છે, પરંતુ હવે સ્થિતિ પહેલાં કરતાં ઘણી સારી છે. કારગિલમાં ફિલ્મના શૂટિંગ દરમિયાન બ્રેન સ્ટ્રોક આવ્યા બાદ રાહુલને ફરીથી ચાલતા-બોલતા શીખવાની પણ ચિંતા હતી. તેણે જણાવ્યું કે અગાઉ તે ખૂબ સ્મોકિંગ કરતો હતો અને નોન-વેજિટેરિયન હતો, પરંતુ હવે સંપૂર્ણ વેગન બની ગયો છે. તે ડુંગળી, લસણ અને દૂધ પણ લેતો નથી અને મુખ્યત્વે જૈન ફૂડ ખાય છે. રાહુલના જણાવ્યા મુજબ, તે દરરોજ બ્રેકફાસ્ટ બાદ 8 દવાઓ લે છે. હાલમાં રાહુલે 'સુપર બાદશાહ' સાથે એક્ટિંગમાં વાપસી કરી છે. તેણે કહ્યું કે ફિલ્મની ટીમે તેની બોલવાની સમસ્યાને સમજતાં તેને સતત સપોર્ટ કર્યો. રાહુલે એમ પણ જણાવ્યું કે સ્ટ્રોક બાદ સક્રિય રહેવું તેના માટે ખૂબ જરૂરી છે અને તે જીવનના અંત સુધી કામ કરવા માગે છે. 'આશિકી', 'જૂનૂન' અને 'ગુમરાહ' જેવી ફિલ્મોથી લોકપ્રિય બનેલો રાહુલ 2007માં 'બિગ બોસ'ની પ્રથમ સિઝનનો વિજેતા પણ રહ્યો હતો.

# હવે H-4 વિઝા ધારકોની વર્ક પરમિટ નાબૂદ કરવાની ટ્રમ્પ પ્રશાસનની હિલચાલ

**H-4** વિઝા એ H-1B વિઝા ધારકોના જીવનસાથી માટેના વિઝા છે અને અત્યાર સુધી આ વિઝા પર આવેલા લોકોને પણ અમેરિકામાં કામ કરવાની છૂટ હતી

**H-1B** વિઝા ધારકોના જીવનસાથીઓને અમેરિકામાં નોકરી કરવાની છૂટ હવે રદ કરવાનો પ્રસ્તાવ, જો આ મંજૂર થાય તો ભારતીયને મોટા પ્રમાણમાં અસર થઇ શકે




વોશિંગ્ટન, તા. ૩૧: ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન અમેરિકામાં H-1B વિઝા ધારકોના જીવનસાથી માટે વર્ક પરમિટ નાબૂદ કરવાના નવા નિયમની યોજના બનાવી રહ્યું છે. આ પગલું પાછલા એક દાયકા કરતાં વધુ સમયથી પાત્ર H-4 જીવનસાથીઓને અમેરિકામાં કાયદેસર રીતે કામ કરવાની છૂટ આપતી નીતિને ઉથલાવી શકે છે. આ નિર્ણયથી ભારતીય H-1B વ્યાવસાયિકો પર નોંધપાત્ર અસર પડી શકે છે, કારણ કે તેમના ઘણા જીવનસાથીઓ H-4 વિઝા ધરાવે છે અને તેમને 'એમ્પ્લોયમેન્ટ ઓથોરાઇઝેશન ડોક્યુમેન્ટ્સ'(EADs) મળેલા છે, જે તેમને અમેરિકામાં કાયદેસર રીતે કામ કરવાની મંજૂરી આપે છે.


H-1B અસ્થાયી વર્ક વિઝા પર અમેરિકામાં કાર્યરત ભારતીય વ્યાવસાયિકોના જીવનસાથીઓ માટે H-4 વિઝા ખૂબ જ લોકપ્રિય છે. 2014થી 2017 વચ્ચેના H-4 EAD અરજીઓના ડેટા દર્શાવે છે કે તેમાંથી 93% અરજદારો ભારતીય નાગરિકો હતા, જેમાં 94% મહિલાઓ હતી. આ પ્રસ્તાવ 'ઓફિસ ઓફ ઇન્ફોર્મેશન એન્ડ રેગ્યુલેટરી અફેર્સ' હેઠળની વેબસાઇટ પર સૂચિબદ્ધ કરવામાં આવ્યો છે, પરંતુ તે જાહેર કરવા માટે કોઈ ચોક્કસ તારીખ નક્કી કરવામાં આવી નથી.

આ પગલું એવા સમયે આવ્યું છે જ્યારે ટ્રમ્પ પ્રશાસને H-1B વિઝા દ્વારા મળતા રોજગાર પર નિયંત્રણો લાદવાના પ્રયાસો ફરી શરૂ કર્યા છે. DHS એ તાજેતરમાં નવા કર્મચારીઓ માટે 103,265 ડોલરની નવી ફીનો પ્રસ્તાવ મૂક્યો હતો, જ્યારે વ્હાઇટ હાઉસે નોકરી ગુમાવ્યા બાદ H-1B વિઝા ધારકોને નવો સ્પોન્સર શોધવા માટે મળતા 60 દિવસના ગ્રેસ પીરિયડને નાબૂદ કરવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી દીધી છે.

# સિંધુ જળ સંધિ અંગેનો વર્લ્ડ બેન્ક રચિત કોર્ટનો ચુકાદો ભારતે ફગાવ્યો

**વર્લ્ડ** બેન્ક દ્વારા રચવામાં આવેલી લવાદ અદાલતે ભારતને કરાર કાર્યરત રાખવા જણાવ્યું

**ભારતે** કહ્યું કે જળ-વહેંચણી કરાર સ્થગિત રહેશે, આ કોર્ટને ગેરકાયદે રીતે રચાયેલી ગણાવી



નવી દિલ્હી, ૩૧: ભારતે સોમવારે સિંધુ જળ સંધિ સંબંધિત વિશ્વ બેંક દ્વારા રચાયેલી 'કોર્ટ ઓફ આર્બિટ્રેશન'ના ચુકાદાને ફગાવી દીધો છે. ભારતે આ સંસ્થાને "ગેરકાયદેસર રીતે ગઠિત" ગણાવી છે અને સ્પષ્ટ કર્યું છે કે જળ-વહેંચણી કરારને સ્થગિત રાખવાનો તેનો નિર્ણય "ચાલુ જ રહેશે".

વિદેશ મંત્રાલય તરફથી આ કડક પ્રતિક્રિયા લવાદ સમિતિના ચુકાદા પછી તુરંત આવી હતી. આ સમિતિએ પોતાના ચુકાદામાં કહ્યું હતું કે સિંધુ જળ સંધિ હજુ પણ અમલમાં છે અને તેણે ભારતને જમ્મુ અને કાશ્મીરમાં એક હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ પર કામ મર્યાદિત કરવા જણાવ્યું હતું. આ પેનલે એવો પણ તર્ક આપ્યો હતો કે કરારને સ્થગિત રાખવા પાછળનું નવી દિલ્હીનું કારણ આ સંધિને "સ્થગિત કરવા કે સમાપ્ત કરવા માટે યોગ્ય નથી" અને આ કરાર પૂર્ણપણે કાર્યરત રહેવો જોઈએ તેમજ ભારતે તેની જવાબદારીઓનું પાલન ચાલુ રાખવું જોઈએ. જો કે, ભારતે આ ચુકાદા અને તેને જારી કરનારી સંસ્થાના અધિકારક્ષેત્ર–બંનેનો અસ્વીકાર કર્યો છે. સરકારે જણાવ્યું કે, "આજે, ગેરકાયદેસર રીતે રચાયેલી કહેવાતી 'કોર્ટ ઓફ આર્બિટ્રેશન'એ સિંધુ જળ સંધિની વચગાળાના ઉપાયો અને સ્થિતિ અંગે જેને તે ચુકાદો કહી રહી છે, તે જારી કર્યો છે."

સરકારે વધુમાં ઉમેર્યું કે, આ કહેવાતી કોર્ટની રચના વિશ્વ બેંક દ્વારા સંધિની શરતોના સ્પષ્ટ ઉલ્લંઘન કરીને કરવામાં આવી હતી.






### સુભાષ ચંદ્રાએ અંબાણી સામેના આક્ષેપો બંધ કર્યા

નવી દિલ્હી, ૩૧ ઓગસ્ટ (પીટીઆઇ) અબજોપતિ મુકેશ અંબાણી પર તીખો પ્રહાર કર્યા અને રિલાયન્સ સાથે જોડાયેલા મીડિયા આઉટલેટ્સ પર પોતાની વિરુદ્ધ અભિયાન ચલાવવાનો આરોપ લગાવ્યાના બે દિવસ પછી, ઝીના સ્થાપક સુભાષ ચંદ્રાએ નિવેદન આપ્યું છે. હવે લગભગ દરરોજ આવતા પોતાના સાર્વજનિક નિવેદનોમાં તેમણે તે આરોપોનો આગળ ઉલ્લેખ કરવાનું છોડી દીધું છે અને તેમનું ધ્યાન બાકી લેણાં ચૂકવવા તેમજ પોતાના વ્યક્તિગત નાદારી પ્લાનનો બચાવ કરવા તરફ કેન્દ્રિત કર્યું છે. ઇન્સ્ટાગ્રામ પર પોતાના ફોલોઅર્સ સાથે ૧૮ મિનિટની વાતચીત દરમિયાન (જેમાં આશરે ૫૬૦ લોકો જોડાયા હતા), ચંદ્રાએ અંબાણી સામેના પોતાના આરોપોનો બહુ ઓછો તાજો સંદર્ભ આપ્યો હતો. તેની જગ્યાએ તેમણે દર્શકોને જણાવ્યું હતું કે તેમના એસેલ ગ્રુપ સાથે જોડાયેલા ધિરાણકર્તાઓ સાથે પોતાના બાકી લેણાંની પતાવટ કરવા માટે સંમત થયા છે. સોમવારે ઇન્સ્ટાગ્રામ પર થયેલી આ વાતચીત તે ત્રણ નિવેદનો પછી આવી છે, જે તેમણે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT) દ્વારા મંજૂર કરાયેલી પુનઃચુકવણી યોજના પર થતી ટીકાઓનો જવાબ આપવા માટે જારી કર્યા હતા. આ યોજના હેઠળ લેણદારો તેમની આશરે ૨૨,૦૦૬ કરોડના દવાની સામે ચંદ્રાની વ્યક્તિગત સંપત્તિમાંથી આશરે ૬.૨૫ કરોડ રિકવર કરવાના છે. શુક્રવારે ચંદ્રાની વાત કરવાનો સૂર નોંધપાત્ર રીતે અલગ હતો.